ફોજદારી કેસ નં.૬૧૧૦૭/૨૦૨૪

**– આંક–૧ લગત હુકમ–**

૧. આ કામે વર્તમાન આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૯ મુજબના ગુના અંગેનુ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

**હકીકતઃ–**

૨. આ કામે ફરીયાદપક્ષનો કેસ જોવામાં આવે તો, આ કામના આરોપીએ તા.૦૭/૦૫/૨૦૨૪ ના કલાક ૨૩/૩૦ થી તા.૦૮/૦૫/૨૦૨૪ ના કલાક ૦૬/૦૦ દરમ્યાન વાસણા ગુપ્તાનગર ભરવાડ વાસ પિન્ટુભાઈ ભરવાડના મકાનમાં ધાબા ઉપર જાહેરમાં ફરિયાદીનો એક વીવો કંપનીનો સિલ્વર ગ્રે કલરનો વી૨૦૬૫ મોડલનો મોબાઈલ ફોન જેની કિં.રૂ૦ ૮,૦૦૦/– ગણી શકાય તે ચોરી કરી, નાસી જઈ, ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૯ મુજબનો ગુનો કરેલ છે. ત્યારબાદ, ફરીયાદીએ તા.૦૮/૦૫/૨૦૨૪ ના રોજ વાસણા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવેલી.

**પોલીસ તપાસઃ–**

૩. સદર કામે તપાસ કરનાર અમલદારે ઉપરોક્ત ગુનો નોંધ્યા બાદ, જરૂરી તપાસ હાથ ધરેલી, ગુનાના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલા. ગુન્હાની કાયદા મુજબ તપાસ કરી, ચાર્જશીટ તૈયાર કરી, આગળની ઈન્સાફી કાર્યવાહી સારૂ અત્રેની અદાલતમાં દાખલ કરવામાં આવેલ.

**કોર્ટ કાર્યવાહીઃ–**

૪. આ કામે આરોપીઓ સામેનુ ચાર્જશીટ દાખલ થયા બાદ, કલમ–૨૦૪ પ્રમાણે પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ. તેમ છતાં, આજદિન સુધી આરોપીઓ કે ફરીયાદી કે જામીનદાર મળી આવેલ નથી. તે રેકર્ડ ઉપરની તમામ હકીકતો લક્ષમાં લેતાં, આ કામેના આરોપીઓની નજીકના સમયમાં પણ હાજરી સુરક્ષીત કરી શકાય તેમ ન હોય, ક્રિમિનલ મેન્યુઅલ પેરા–૨૧૧(૧) અન્વયે હાલનો કેસ ડોરમન્ટ ફાઈલ ઉપર મુકવાનો અને આરોપીઓ સામે કલમ–૭૦ મુજબ વોરંટ ઈસ્યુ કરવાનો આંક–૧ નીચે હુકમ કરવામાં આવેલ.

**સરકાર તરફે રજુઆતઃ–**

૫. આ કામે સરકારશ્રી તરફે વિદ્વાન એપીપીશ્રીએ રજુઆત કરતા જણાવેલ છે કે, સમગ્ર ચાર્જશીટ તથા તેની સાથેના દસ્તાવેજો વંચાણે લઈને કાયદા મુજબ હુકમ કરવા વિનંતી છે.

**કાનૂની પરિસ્થિતિ –**

**આરોપીને બિનતહોમત મુક્ત કરવા તેમજ કબુલાત અંગે,**

૬. આ કામે આરોપીઓ વિરૂધ્ધ રજૂ થયેલ ચાર્જશીટ વિચારણામાં લેતા, આ તબક્કે ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૪૫ વંચાણે લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

આ કામે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૫ ના પ્રબંધો ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

**Sec.245 :- When accused shall be discharged.**

(1) If, **upon taking all the evidence** referred to in section 244, the Magistrate considers, for **reasons to be recorded, that no case against the accused has been made out which, if unrebutted, would warrant his conviction, the Magistrate shall discharge him**.

(2) Nothing in this section shall be deemed to prevent a Magistrate from discharging the accused at any previous stage of the case if, for reasons to be recorded by such Magistrate, he considers the charge to be groundless.

(૪.૧)**એ.આઈ.આર.૨૦૦૮ એસ.સી.૧૯૦૩(હેમચંદ વિ.સ્ટેટ ઓફ ઝારખંડ)**માં નામ.એપેક્ષ કોર્ટ ધ્વારા ઠરાવેલ છે કે**,** It is beyond any doubt or dispute that at the stage of framing of charge, the Court will not weigh the evidence. The stage for appreciating the evidence for the purpose of arriving at a conclusion as to whether the prosecution was able to bring home the charge against the accused or not would arise only after all the evidences are brought on records at the trial. **વધુમાં ઠરાવેલ છે કે,** "As is evident from the paragraph extracted above if the court is satisfied that a **prima facie case is made out for proceeding further then a charge has to be framed**. Per contra, if the evidence which the prosecution proposes to produce to prove the guilt of the accused, even if fully accepted before it is challenged by the cross-examination or rebutted by the defence evidence, if any, cannot show that the accused committed the particular offence then the charge can be quashed."

**૨૦૦૯(૩) જી.એલ.આર.૧૯૩૭(Kanubhai Genaji Trikamji Bhati v. State of Gujarat)**–માં નામ. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ઠરાવેલ છે કે**,** '' THUS, as observed by Honble the apex Court, if on the basis of the materials on record, a Court could come to the conclusion that commission of the offence is probable consequence, a case for framing of charge exists. It is further observed that if the Court were to think that the accused might have committed the offence, it can frame the charge, though for conviction the conclusion is required to be that the accused has

committed the offence. At this stage, probative value of the materials on record cannot be gone into, but the materials brought on record by the prosecution has to be accepted as true at this stage. In the background of the ratio laid down by honble the Apex Court in Som Nath thapas case [supra] and in light of the entire above discussion, prima-facie it cannot be said that the Ld. Trial Judge erred in ultimately rejecting the request of the petitioner - original accused No. 4 for discharge. As stated above and as observed by Honble the Apex Court in Dilawar balus case [supra], even weighing the evidence for the limited purpose of finding out whether a prima-facie case has been made out, it prima-facie transpires in light of the entire above discussion that the evidence prima-facie reveals that the charge is required to be framed.''

૭. આમ, ઉપરોક્ત કાયદાકીય જોગવાઈ વંચાણે લેતા સ્પષ્ટ છે કે, જ્યારે પોલીસ અહેવાલ તથા તેની સાથે રજુ કરવામાં આવેલા કાગળો વિચારણામાં લીધા બાદ તથા ફરીયાદપક્ષ અને આરોપીને રજુઆતની તક આપ્યા બાદ જો મેજીસ્ટ્રેટને આરોપી વિરૂધ્ધના તહોમતમાં વજુદ ના જણાય તો તે અંગેના કારણો નોંધીને આરોપીને બિન તોમત મુક્ત કરી શકશે,

૮. આ તબક્કે, નામદાર ગુજરાત હાઈકોર્ટના Balwantsinh Khengaji Jadeja Vs_B_Rathod & 1, Special Criminal Application No. 4461 of 2016, નિર્મીત તારીખ – ૦૭/૧૧/૨૦૧૭ નો ચુકાદો વંચાણે લેવો જરૂરી છે. જેમાં ઉપરોક્ત કામની વિગતવારની ચર્ચા કરી, આરોપીને બિનદાહોમત મુક્ત કરતી વખતે અદાલતે શું જોવું જોઈએ તે સંદર્ભે પ્રસ્થાપિત કરવામાં આવેલ છે.

The real test for determining whether the charge should be considered groundless under Section 239 of the Cri.P.C. is that whether the materials are such that even if unrebutted make out no case whatsoever, the accused should be discharged under Section 239 Cri.P.C. The trial Court will have to consider, whether the materials relied upon by the prosecution against the applicant herein for the purpose of framing of the charge. if unrebutted, make out any case at all.

(1) The Judge, while considering the question of framing the charges, has the undoubted power to sift and weigh the evidence for the limited purpose of finding out, whether or

not a prima facie case against the accused has been made out. What do we understand by the term "prima facie". "Prima facie" may be used as an adjective meaning "sufficient to establish a fact or raise a presumption unless disapproved or rebutted". A prima facie case is the establishment of a legally required rebuttable presumption.

(2) Where the materials placed before the court disclose grave suspicion against the accused which has not been properly explained, the court will be fully justified in framing a charge and proceeding with the trial.

(3) The test to determine prima facie case would naturally depend upon the facts of each case and it is difficult to lay down a universal law. By and large, however, if two views are equally possible and the Judge is satisfied that the evidence adduced before him while giving rise to some suspicion but not grave suspicion against the accused, he will be fully within his right to discharge the accused.

(4) The court concerned, while deciding the discharge application filed by the accused, should not merely act as a post office or a mouthpiece of the prosecution, but has to consider the broad probabilities of the case, the total effect of the evidence and the documents produced before the Court, any basic infirmities appearing in the case and so on. However, this does not mean that the Judge should make a roving enquiry into the pros and cons of the matter and weigh the evidence as if he was conducting a trial.

**કબુલાતઃ-**

૯. આ કામે પોલીસ અહેવાલ તથા તેની સાથેના દસ્તાવેજો વંચાણે લેતાં, આરોપી દ્વારા પોલીસ તપાસ દરમિયાન પોલીસ અમલદાર સમક્ષ હાલના ગુન્હા અંગેની કબુલાત કરેલ છે. ત્યારે આ તબક્કે, ભારતીય પુરાવા અધિનિયમ, કલમ-૫ તથા કલમ-૨૫ વંચાણે લેવી જરૂરી છે. કલમ-૫ વંચાણે લેતાં, ફરીયાદપણ કાર્યવાહીમાં **"મુદ્દા માટેની"** પ્રત્યેક "હકીકત" તથા "એવી

અન્ય હકીકતો" કે જે **અત્રે હવે** પછી **"પ્રસ્તુત"** ઘોષિત કરવામાં આવી છે, તેના અસ્તિત્વ કે બિન અસ્તિત્વ વિશે પુરાવો આપી શકશે અને **"અન્ય કોઈ વિશે નહીં."** એટલે કે કલમ- ૬ થી ૫૫ માં જે હકીકતો **"પ્રસ્તુત ઘોષિત કરવામાં આવેલ છે તે અંગેનો જ પુરાવો આપી શકાશે."** હવે, કલમ-૨૫ વંચાણે લેતાં, એવી કાયદાકીય જોગવાઈ કરવામાં આવેલી છે કે, **"એક વ્યક્તિ"** કે જે **"કોઈ ગુન્હાનો આરોપી હોય"**, તેની વિરુદ્ધ પોલીસ અધિકારીને કરવામાં આવેલી કબુલાત **"સાબિત"** કરી શકાય નહીં તેમજ નીચેના ચુકાદાઓમાં પણ નામદાર સર્વોચ્ચ અદાલત તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા તેવું સ્પષ્ટ રીતે પ્રસ્થાપિત કરવામાં આવેલ છે.

1.Supreme Court of India 1966 AIR 119,

AGHNOO NAGESIA

Versus

STATE OF BIHAR

dt . 04/05/1965

Thus, except as provided by s. 27 of the Evidence Act, a confession by an police office is absolutely protected under s. 25 of the Evidence Act, and if it is made in the course of an investigation, it is also protected by s. 162 of the Code of Criminal Procedure, and a confession to any other person made by him while in the custody of a police officer is protected by 5. 26, unless it is made in the immediate presence of a wagistrate.

These provisions seem to proceed upon the view that confessions made by an accused to a police officer or made by him while he is in the custody of a police officer are not to be trusted, and should not be used in evidence against him. They are based upon grounds of public policy, and the fullest effect should be given to them.

Section 27 applies only to information received from a person accused of an offence in the custody of a police officer. ......The entire evidence against the appellant then consists of the fact that the appellant gave information as to the place "where the dead bodies were lying" and as to "the place where he concealed the tan", the discovery of the dead bodies

and the "tangi" in consequence of the information, "the discovery of a blood-stained chadar from the appellant's house and the fact that he had gone to Dungi Jharan" Hills on the morning of August 11, 1963. This evidence is not sufficient to convict the appellant of the offenses under s. 302 of the Indian Penal Code.

2. R/SPECIAL CRIMINAL APPLICATION NO.740 of 2015

KANDHAL SARMAN JADEJA

Versus

STATE OF GUJARAT

Date 21/12/2020

8. Thus, in the papers of the charge-sheet, there is no material available against the petitioner connecting him with the incident in question. Thus, the present petitioner is implicated in the incident in question only on the basis of the statement of the co-accused.

3. CRIMINAL APPEAL NO.714 OF 2019

DIPAKBHAI JAGDISHCHANDRA PATEL

Versus

STATE OF GUJARAT AND ANOTHER

Date: 24/04/2019

40.... A confession, which is made to a Police Officer, would be inadmissible' having regard to Section 25 of the Evidence Act. A confession, which is vitiated under Section 24 of the Evidence Act would also be inadmissible. A confession unless it fulfills the test laid down in Pakala Narayana Swami (supra) and as accepted by this Court, may still be used as an admission under Section 21 of the Evidence Act. This, however, is subject to the bar of admissibility of a statement under Section 161 of the Cr.PC. Therefore, even if a statement contains admission, the statement being one under Section 161, it would immediately attract the bar under Section 162 of the Cr.PC.

4. R/CRIMINAL REVISION APPLICATION NO.265 of 2019 RAJU RAJU GANDY ROOPCHAND KRISHNANI

Versus

STATE OF GUJARAT

HONOURABLE MR. JUSTICE V.P. PATEL

12. As per Section 5 of the Evidence Act, the prosecution has to collect the evidence in any proceeding of existence or non existence of every fact in issue and of such other facts which is declared to be relevant under Section 6 to 55 of the Evidence Act and no others.

In this case whatever the evidence produced with charge-sheet against the applicant accused is ONLY statement of coaccused, which is HIT by Section 25 of the Evidence Act.

13. In the instant case on hand no material is brought out from the charge-sheet to prosecute the applicant in alleged offence except the statement of the coaccused. There is no other evidence contained in the chargesheet. Merely because the applicant is involved in 51 similar cases he cannot be prosecuted in the present case.

14. Further, considering the contents of the application, argument advanced by the learned counsels for both the parties, record of the case, evidence submitted with charge sheet and the ratio laid down by the Honourable Supreme Court and by this Court in above cases, it appears that charge against the accused to be groundless. The order passed by the learned trial Court is not correct, legal and proper in the eye of law. Hence, it deserve to be quash and set aside.

**કારણો:-**

૧૦. આમ, આ કામે પોલીસ અહેવાલ તેની સાથેના દસ્તાવેજો, કલમ-૨૩૯ ની કાયદાકીય જોગવાઈ તેમજ ઉપરોક્ત નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સદર ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલા સિધ્ધાંતો લક્ષમાં રાખી, આ કામે પ્રથમ માહિતી અહેવાલ વંચાણે લેતાં, વર્તમાન આરોપીઓનુ ફરીયાદમાં નામ નથી તેમજ સમગ્ર રેકર્ડ ઉપરથી

ફલિત થાય છે કે, હાલના આરોપીઓની અન્ય ગુન્હા કામે ધરપકડ થતા, તે ગુન્હા કામે પોલીસ તપાસ દરમ્યાન હાલના ગુનાની કબુલાત કરતા, ટ્રાન્સફર વોરંટના આધારે ધરપકડ કરવામાં આવેલ અને હાલના ગુનાના કામે પોલીસ તપાસ દરમ્યાન પોલીસ અમલદાર સમક્ષ ગુનાની કબુલાત કરેલ છે. તે સિવાય આ કામે રેકર્ડ ઉપરથી તેઓની વિરુદ્ધ કોઈ પ્રત્યક્ષ, પરોક્ષ કે સાંયોગીક પુરાવો નથી કે હાલના આરોપીઓ પાસેથી કોઈ મુદ્દામાલ **રીકવર થયેલ નથી.** તે તમામ સંજોગોમાં અને કદાચ આરોપીઓ ભવિષ્ય મળી આવે તો પણ તેઓની વિરુદ્ધમાં **"કાયદા મુજબ" "તહોમતનામુ"** ફરમાવી શકાય તેવો **"કોઈ પુરાવો"** નથી. વળી, હાલનો કેસ સને ૨૦૨૪ ની સાલમાં દાખલ થયેલ છે. તે જોતા પણ બનાવને આશરે ૦૨ વર્ષ ઉપરાંતનો સમય થયેલ છે ત્યારે, આ અદાલતને ન્યાયના અને જાહેર હિતમાં સદરહું કેસમાં અવારનવાર મુદત નાંખી, કિંમતી જાહેર સમયનો વ્યય કરવો ઉચિત જણાતુ ન હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુકમ –**

૧. આ કામના આરોપીઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૩૯ અન્વયે **"બિનતહોમત"** છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે મુદ્દામાલ અંગે વચગાળાના તબક્કે જો કોઈ હુકમ થયેલ હોય તો તે આથી કાયમ કરવામાં આવે છે/જો કોઈ હુકમ થયેલ ના હોય તો, મુદ્દામાલ અંગે માલીકીની જરૂરી તપાસ કરી, જે તે હક્કદારને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગ/લોક અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

**(ડી.એચ.ખંભાતી)**
અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ (સીટી) કોડ : જીજે–૦૦૮૬૬

તા.૧૪/૦૩/૨૦૨૬
અમદાવાદ (સીટી).